# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૩૧/૧૦/૨૦૨૬ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૫૩૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૫૭ લીટર દેશી દારૂ, ૨૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૩૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ–** **સમાચાર યાદી નં.૧૫૩૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૫૩૯/૨૦૨૬**

**સરદારનગરઃ** રોહિત સ/ઓ હીરાલાલ રાજપુત (ઉ.વ.૩૧)(રહે.ખોડીયારનગર વિભાગ–૦૨ નોબલનગર સરદારનગર) એ તા.૩૦/૧૦/૨૦૨૬ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૦/૨૦૨૬ બપોરના ૨/૨૫ થી તા.૨૭/૧૦/૨૦૨૬ રાતના ૯/૨૦ વાગ્યા દરમ્યાન રોહિત રાજપુતના મોબાઇલ ફોન ઉપર અજાણી વ્યક્તિએ મોબાઇલ નંબર ૦૮૪૭૧૯૪૩૬૨૭ ઉપરથી ટેક્ષ મેસેજ મોકલી, ચલણ ઇંકવાયરી ના નામે લિંક મોકલી, રોહિત રાજપુતના મોબાઇલ ફોન હેક કરી એક્સેસ મેળવી લઇ તેમના ઇન્ડસ ઇન્ડ બેંકના ખાતામાંથી અલગ–અલગ ટ્રાન્ઝેક્શન થી કુલ રૂપિયા ૧,૬૫,૩૭૧/– ટ્રાન્સફર કરી લઇ રોહિત રાજપુત સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.ગોહિલ ચલાવે છે.

**એરપોર્ટઃ** હેમવાની હીરાનંદ ટોપનદાસ (ઉ.વ.૭૧)(રહે.આંબાવાડી ભિલવાસ, સરદારનગર) એ તા.૩૦/૧૦/૨૦૨૬ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૬ સાંજના ૬/૦૦ થી તા.૦૭/૧૦/૨૦૨૬ કલાક ૦૯/૦૦ વાગ્યા દરમ્યાન કોઈ અજાણી વ્યક્તિએ હેમવાની ટોપનદાસ નો મોબાઇલ ફોન હેક કરી TO:AKASH BATHAM....2729@axl on phone pe, UPI transaction ID-627802063775 થી રૂપિયા ૮૫,૦૦૦/– ઓનલાઈન મેળવી લઇ હેમવાની ટોપનદાસ સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એસ.પટેલ ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ** ભૌમિક સ/ઓ પોપટભાઇ પટેલ (ઉ.વ.૩૭)(રહે. પંચરત્ન હોમ્સ આયોજનનગર પાસે એસ.પી.રિંગ રોડ) એ તા.૩૦/૧૦/૨૦૨૬ ના રોજ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૯/૨૦૨૬ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે ભૌમિક સ/ઓ પોપટભાઇ પટેલ ના મોબાઇલના વોટ્સએપમાં અજાણ્યા મોબાઇલ નંબર +૯૧ ૯૩૩૪૨૩૮૦૨૪ ના ધારકે લિંક મોકલી, ભૌમિક પટેલનો મોબાઇલ હેક કરી તેમના અલગ–અલગ બેંક ખાતાઓમાંથી કુલ રૂપિયા ૭૧,૦૦૦/– ટ્રાન્સફર કરી લઇ ભૌમિક પટેલ સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.પરમાર ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** હરીશ સ/ઓ ઘનશ્યામ ગુપ્તા (ઉ.વ.૩૫)(રહે. પ્રથમ પેરેડાઇઝ, કર્ણાવતી એપાર્ટમેંટ–૦૪ પાસે, નારોલ) એ તા.૩૦/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મે/૨૦૨૬ થી તા.૦૭/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણ્યા મોબાઈલ નંબર ૭૫૬૬૯૧૦૨૯૩ ના ધારકે હરીશ ગુપ્તાના મોબાઈલ ફોનમાં વોટ્સએપ માં M.Parivahan.apk નામની APK ફાઇલ મોકલી, જે ફાઈલ હરીશ ગુપ્તાએ ઓપન કરતા અજાણી વ્યક્તિએ મોબાઇલ ફોન હેક કરી તેનો એક્સેસ મેળવી લઈ મોબાઈલ નંબર ૭૫૬૬૯૧૦૨૯૩ ઉપર કોલ ફોરવર્ડ કરી તેમજ હરીશ ગુપ્તાના મોબાઈલમાં રહેલ ફ્લીપ કાર્ડ એપ્લીકેશન સાથે લીંક થયેલ તેમના ICICI બેંકના ક્રેડીટકાર્ડના ટ્રાન્ઝેક્શન માટેના જરૂરી ઓ.ટી.પી. મેળવી લઈ તેના મારફતે ફ્લીપકાર્ટ એપ્લીકેશન દ્વારા કુલ રૂપિયા ૫,૯૦,૮૯૭/– ટ્રાન્સફર કરી લઇ તે રૂપિયા આધારે ફ્લીપ કાર્ડ મીનટ્સ થી જુદા–જુદા મોબાઈલ ફોનની ખરીદી કરી મેળવી લઈ હરીશ ગુપ્તા સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર ચાદી નં.૧૫૪૦/૨૦૨૬**

**ઈસનપુરઃ** ભારતીબહેન વા/ઓ મનસુખભાઈ વાલોદરા (ઉ.વ.૫૮)(રહે, પુષ્કર ગોલ્ડ ફ્લેટ, આકાશ મેટ્રો સીટીની બાજુમા, વટવા ઘોડાસર કેનાલ ઈસનપુર) એ તા.૩૦/૧૦/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૦/૨૦૨૬ બપોરના ૨/૦૦ થી ૩/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન મણીનગર રેલવે સ્ટેશનથી પુષ્કર ગોલ્ડ ફ્લેટ પોતાના ઘર સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ભારતીબહેનની નજર ચુકવી રીક્ષામાં બેસેલ અજાણી વ્યક્તિએ ભારતીબહેનના થેલામાં મુકેલ પાકીટમાંથી સોનાની બે બંગડીઓ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૪,૦૦૦/– મળી કુલ રૂપિયા ૫૪,૦૦૦/– મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એલ.રબારી ચલાવે છે.

**રામોલઃ** ચંદ્રેશભાઇ કનૈયાલાલ પિઠવા (ઉ.વ.૫૨)(રહે. સદગુરૂ સાનિધ્ય ન્યુ મણીનગર રામોલ) એ તા.૩૦/૧૦/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૦/૨૦૨૬ બપોરના ૩/૦૦ થી તા.૨૬/૧૦/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, કબાટના લોકરમાંથી રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી